# તહેવારોની રજાઓના મહોલથી બજારમાં સુસ્તી

## વેપારીઓને હવે નવરાત્રિ-દિવાળીની સીઝનમાં ઘરાકી ખુલવાની આશા : દુકાનોમાં રિનોવેશનના કાર્યો હાથ ધરી સમયનો સદુપયોગ કરવાનો પ્રયાસ



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં છેલ્લા સપ્તાહમાં સતત રજાનો માહોલ રહ્યા પછી આજથી નગરજનો કામે ચઢ્યા હતા. પવિત્ર શ્રાવણ માસમાં આવેલ તહેવારોની હારમાળા હવે થોડાક દિવસનો બ્રેક આવી રહ્યો છે. ત્યાર બાદ ગણેશ ઉત્સવ અને શ્રાદ્ધ પક્ષના આગમન માટે ટાંપીને જ બેઠા છે. સતત તહેવારોની મોસમ પહેલા બજારોમાં થોડી ઘણી તેજી દેખાઈ હતી. તે બે દિવસથી સુત્તી થઈ જવા પામી છે અને હવે વેપારીઓ નવરાત્રિ અને દિવાળીની સીઝન પર આશા રાખીને બેઠા છે.

**હવે નવરાત્રી-દિવાળીના તહેવારો પહેલા બજારમાં તેજી આવશે**

છેલ્લા અઠવાડિયામાં જન્માષ્ટમી, રાંધણ છઠ્ઠ, શીતળા સાતમ તેમજ સ્વાતંત્ર્યતા દિવસ જેવા તહેવારોની ભરમારના કારણે નગરમાં વેકેશનો માહોલ સર્જાયો હતો. જો કે આ અગાઉ તહેવારોને કારણે બજારમાં ખરીદીમાં થોડી તેજી જણાઈ હતી. ખાસ કરીને રેડીમેઈડ ગારમેન્ટસ તેમજ કરિયાણાના વેપારમાં બજારમાં તેજીનો માહોલ સર્જાયો હતો અને કેટલીક ચીજવસ્તુઓ જેવી કે કઠોળ અને શૂકો મેવો વગેરેના ભાવમાં પણ વધારો જોવા મળ્યો હતો. આ તહેવારો સળંગ ચાલુ થવાથી બજારમાં મીની વેકેશન છવાઈ ગયું હતું અને મોટા ભાગના નગરજનો ક્યાં તો બહાર ફરવાનો પ્રોગ્રામ કરી ચૂક્યા હતા. અથવા પોતાના વતનમાં કે અન્ય સગા સંબંધી-મિત્રોના ઘરે જન્માષ્ટમીની ઉજવણી કરવા નગર બહાર નીકળી ગયા હતા. કેટલાક સાતમ-આઠમના રમવાના શોખીન ખેલૈયાઓ તેમની આગવી વ્યવસ્થા ગોઠવી દીધી હતી. આ કારણોથી બજારો સૂમસામ બની ગયા હતા.

જો કે તહેવારો હાલ પુરા થયા હોવાથી ઓફિસો તો ચાલુ થઈ ગઈ છે અને જનજીવન રાબેતા મુજબ થાળે પડી રહ્યું છે. પરંતુ બજારમાં હવે ઘરાકી ઓછી થઈ જવા પામી છે. રેડીમેઈડ વસ્ત્રો, ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓ અને કરિયાણા બજારમાં ઘરાકીનો ઘસારો ઘટી ગયો છે જેથી કેટલીક ચીજવસ્તુઓ જેમ કે કઠોળ અને સૂકો મેવો, શાકભાજી, તૈયાર કપડાં વગેરેમાં ભાવોમાં નજીવો ઘટાડો પણ નોંધાયો છે. ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓના બજારમાં ગ્રાહકોને આકર્ષવા કંપનીઓ ઓફ સીઝન ડીસ્કાઉન્ટની સ્કીમો લાવવાની તૈયારી કરી રહી છે. કેટલાક વેપારીઓ અને હવે એકાદ મહિના જેટલા સમય માટે બજારો આવા જ શુષ્ક રહેશે. વળી, હવે ગણેશોત્સવ પછી શ્રાદ્ધ પક્ષ આવી રહ્યો હોઈ તે દરમ્યાન કોઈ મોટી ખરીદી નહી કરવાનું ગ્રાહકોનું વલણ હોવાથી પણ બજારમાં સુસ્તી જણાશે. શ્રાદ્ધ પક્ષ પત્યા પછી નવરાત્રી અને દિવાળીના તહેવારો પહેલા બજારમાં તેજી આવશે. વેપારીઓ પણ આ સમયગાળામાં તેમની નવી ખરીદી તેમજ ધંધાના સ્થળના રિનોવેશન વગેરેના કામકાજો હાથ ધરે છે અને મંદીના સમયનો સદ્ઉપયોગ કરવા પ્રયત્ન કરે છે.

# કેપીટલ સ્ટેશન તરફનો સર્પાકાર રસ્તો ભૂલ ભૂલામણી સમાન

## સ્ટેશનથી મુખ્ય માર્ગને જોડતો રસ્તો બનાવવા વિભાગ ટુંકમાં સ્થળ પર અભ્યાસ કરશે

ગાંધીનગર, તા. ૨૦

કેપીટલ સ્ટેશન પર યાત્રિકોને લગતી પાયાની સુવિધાઓ ઉભી કરવાના મામલે કોઈ નક્કર આયોજન થતુ નથી જ્યારે ગાંધીનગરને નવી ટ્રેઈન ફાળવવાના મામલે પણ સતત અન્યાય થતો હોવાની લાગણી પ્રબળ બની છે. આવા સંજોગોમાં રેલવે સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ જાણે અદ્રશ્ય થઈ રહ્યો છે. સ્ટેશનથી મેઈન રોડને જોડતો સીધો રસ્તો ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ દ્વારા ટુંકમાં સ્થળ પર અભ્યાસ હાથ ધરવામાં આવશે.

મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ રેલવે સ્ટેશન તરફનો વિસ્તાર ભૂલ-ભૂલૈયા સમાન બની ગયો છે. રાહદારીઓને રેલવે સ્ટેશન તરફ જવાનો માર્ગ શોધવો પડે તેવી સ્થિતિ છે. આ વિસ્તારમાં મજૂરોની કોલોની પણ અસ્તિત્વમાં આવી હોવાથી સ્ટેશન તરફ અવર-જવર કરતા યાત્રિકો માટે વધુ મુશ્કેલી ઉભી થઈ છે. સ્ટેશન તરફના સર્પાકાર માર્ગના લીધે યાત્રિકો સહીત આમ નાગરિકોએ પણ ઘણીવાર ગોથે ચઢવુ પડે છે. આવા સંજોગોમાં સ્ટેશનથી મુખ્ય માર્ગને જોડતો સીધો રસ્તો ઉપલબ્ધ થાય તે માટે શહેર વસાહત મહામંડળ દ્વારા માર્ગ-મકાન વિભાગના સેક્રેટરીને રજુઆત કરવામાં આવી છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્રના અધિકારીઓ ટુંકમાં સ્થળ સ્થિતિ ચકાસી સ્ટેશન તરફના માર્ગને યોગ્ય કરે તેવી સંભાવના છે.

# ગાંધીનગરમાં એઈમ્સ (AIMS) બનવી જોઈએ

ગાંધીનગર, તા. ૨૦

ઓલ ઈન્ડિયા મેડિકલ સાયન્સ (AIMS)ની એક શાખા ગાંધીનગરમાં શરૂ થવી જ જોઈએ તેવી માંગ ગાંધીનગરના તબીબી આલમમાંથી થઈ રહી છે. ગાંધીનગર રાજયનું પાટનગર હોવાથી અને અહીં ઘણા બધા વીવીઆઈપીઓની અવરજવર હોવાથી એઈમ્સ (AIMS) અહીં શરૂ થવું જ જોઈએ.

ગાંધીનગરમાં માળખાકીય સગવડો શ્રેષ્ઠ છે. રાજયના તમામ શહેરો સાથે ગાંધીનગર સડક માર્ગે જોડાયેલું છે. એરપોર્ટ પણ અહીં નજીકમાં જ હોવાથી અવરજવર માટે ખુબ સારું રહે છે. અહીંથી ખુબ સરળતાથી અવરજવર શકય હોવાથી અન્ય રાજયો તથા બીજા દેશોના દર્દીઓને શ્રેષ્ઠ તબીબી સુવિધા અહીંથી ઝડપી અને શ્રેષ્ઠ મળી શકે છે. ગાંધીનગરમાં નિષ્ણાંત તબીબોની સંખ્યા સારા એવા પ્રમાણમાં છે. અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર અને પેરામેડિકલ સ્ટાફની જરૂરીયાત ઝડપથી પૂર્ણ કરી શકાય છે. ગાંધીનગર જયારે શિક્ષણની નગરી બન્યું છે ત્યારે આવી રાષ્ટ્રીય તબીબી સંસ્થાનું હોવું અતિ જરુરી છે. આરોગ્ય ટુરિઝમ માટે પણ આ સ્થળ ખુબ જ સારું છે. અમદાવાદ સિવિલ હસ્પિટલ પર દર્દીઓનું ભારણ ખુબ વધુ છે આથી તે ભારણ ઘટાડવા પણ એઈમ્સ ગાંધીનગરમાં સ્થપાય તે જરુરી છે. આકસ્મિક તબીબી સેવાઓની જયારે જરૂર ઉભી થાય ત્યારે સચિવાલય નજીક હોય તે આવશ્યક છે. શહેરની નજીક આર્મી, બીએસએફ, એરફોર્સના યુનિટ હોઈ એઈમ્સની સુવિધા અહીં શરૂ થવી જોઈએ. ગાંધીનગરના ધારાસભ્ય, ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓ, તબીબી આલમ તથા વસાહતીઓએ એઈમ્સની સ્થાપના અંગે રજુઆત કરવી જોઈએ.

# કેમ્બે રીસોર્ટમાં રૂમ બુક કરીને જુગાર રમતા ચાર ઝડપાયા

## દોઢ લાખ રોકડા રૂપિયા જપ્ત : સે. ૨૧ પોલીસનો દરોડો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં સ્થિત સ્ટાર હોટલ એવી કેમ્બે રીસોર્ટમાં રૂમ બુક કરાવીને શ્રાવણીયો જુગાર રમતા ચાર શખ્સોને સે. ૨૧ પોલીસે બાતમીને આધારે દરોડો પાડીને ઝડપી પાડ્યા છે. રૂ. ૧.૫૦ લાખ રોકડ મુદ્દામાલ તથા ચાર મોબાઈલ જપ્ત કરીને પોલીસે ચારેયની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




સેક્ટર-૨૧ પોલીસને બાતમી મળી હતી કે શહેરના સે. ૨૬ ખાતે સ્થિત કેમ્બે રીસોર્ટના રૂ. નં. ૨૦૩૫ માં શ્રાવણીયો જુગાર રમાઈ રહ્યો છે. જેને આધારે સમી સાંજે સે. ૨૧ પી.આઈ. ડીંડોર તેમની ટીમ સાથે બાતમીવાળા સ્થળે પહોંચી ગયા હતા અને દરોડો પાડીને જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી લીધા હતા. ઉનાવા ગામના નરેન્દ્ર નારણભાઈ પટેલ, બાબુ રમણભાઈ પટેલ, બદપુરા માણસાના રમલા વેલજીભાઈ ચૌધરી અને વાસણીયા મહાદેવ ગામના વિનુજી બકાજી ચાવડા મળીને ચાર શખ્સોની રૂ. ૧.૫૦ લાખ રોકડા તથા ચાર મોબાઈલ મળીને રૂ. ૧.૫૫ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી સે. ૨૧ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નરેન્દ્ર મોદીની વડાપ્રધાનપદ સુધીની યાત્રાને વર્ણવતા કોફી ટેબલ પુસ્તકોનું વિમોચન

ગાંધીનગર, તા. ૨૦

જાણીતા ફોટોગ્રાફર દિલીપ ઠાકર દ્વારા ખેંચવામાં આવેલી શ્રી નરેન્દ્ર મોદીની તસ્વીરોને પુસ્તક સ્વરૂપે રજૂ કરવામાં આવી છે. સંઘના અદના કાર્યકરથી લઈને વડાપ્રધાનપદ સુધીની નરેન્દ્ર મોદીની યાત્રાને તસ્વીરો દ્વારા પુસ્તકમાં રજૂ કરવામાં આવી છે. દિલીપ ઠાકરની તસવીરો અને આશુ પટેલનાં સંપાદનવાળા આ પુસ્તકો ગુજરાતી ભાષામાં 'નરેન્દ્ર મોદી- તાસીર, તસવીરોમાં !' અને અંગ્રેજી ભાષામાં 'નરેન્દ્ર મોદી - એ વિઝનરી પ્રાઈમ મિનિસ્ટર' નામથી રજૂ થઈ રહ્યા છે.




આગામી તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ મુંબઈમાં નેસ્કો ગ્રાઉન્ડસ ખાતે આ પુસ્તકોનું વિમોચન કેન્દ્રિય માનવ સંસાધન વિકાસમંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીનાં હસ્તે થશે. ગુજરાતી ભાષામાં પુસ્તકને નવભારત સાહિત્ય મંદિર દ્વારા અને અંગ્રેજી ભાષામાં પુસ્તકને પેન્ટાગોન પ્રેસ, નવી દિલ્હી દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે.

આ કોફી ટેબલની ખાસિયત નરેન્દ્ર મોદીની અલભ્ય તસવીરો છે. મુંબઈમાં યોજાનારા પુસ્તક વિમોચન કાર્યક્રમમાં જાણીતા ગાયકો ફાલ્ગુની પાઠક, પ્રિતી-પિન્કી અને અભિનેતા દિલીપ જોષી વગેરેનાં કાર્યક્રમો પણ યોજાશે. આ કાર્યક્રમનું સંચાલન જય વસાવડા અને કાજલ ઓઝા વૈદ્ય દ્વારા કરવામાં આવશે.

# દીશાસૂચક બોર્ડસમાં ગાબડા જાળવણીના અભાવે કંગાળ હાલત

## મુલાકાતીઓને દીશા ચિંધતા સાઈન બોર્ડસ જાળવણીના મામલે દીશા વિહોણાં : લાખોના ખર્ચ પર પાણીઢોળ




(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં દીશા નિર્દેશ કરતા બોર્ડ અને હોર્ડીંગ્સ જાળવણીના મામલે દીશા વિહોણા બની ગયા છે. લાખોના ખર્ચે મુકાયેલા દીશાસૂચક હોર્ડીંગ્સ ગાબડાગ્રસ્ત અને તૂટેલા જોવા મળી રહ્યા છે. સાઈન બોર્ડમાં ભૂલોની ભરમાર આમ નાગરિકોને પણ દ્વિધામાં મુકી દે છે. જેના પરીણામે નગરમાં આવતા મુલાકાતીઓએ પણ દીશા વિહોણા બની માથુ ખંજવાળવાનો વારો આવ્યો છે.

કક્કા-બારખડીના મૂળાક્ષરોથી ઓળખાતા નગરના માર્ગો અને સર્કલોના નવા નામાભિધાન બાદ માર્ગોની આગવી ઓળખ દર્શાવતા બોર્ડસ લગાવવામાં આવ્યા છે. જયારે આ પૂર્વે શહેરમાં સ્થિત વિવિધ કચેરીઓ અને સેકટરો સહીતની માહિતી દર્શાવવા નાના-મોટા બોર્ડસ લગાવવામાં આવ્યા હતા. જો કે તંત્રની બેદરદારીના લીધે તે સમયે જ સાઈન બોર્ડ લગાવવાની કામગીરીમાં ભગો ચિતરાયો હતો.લાખોના ખર્ચે લગાવાયેલા બોર્ડસમાં મહત્વની કચેરીઓ પણ ઉંધાસ્થાને દર્શાવી જોડણીમાં પણ ભૂલોની ભરમાર જોવા મળી હતી જયારે હાલ ચાર વર્ષના અંતે સાઈનબોર્ડમાં પણ રસ્તાની જેમ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. કેટલાક ઠેકાણે આ બોર્ડસ તુટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. 'ગ' માર્ગ પર ફતેપુરા ગામ અને ગેરી કચેરી સહીતની વિગતો દર્શાવતું બોર્ડ કંગાળ હાલતમાં છે જયારે સે-૨૮ સ્થિત એલ.સી.બી. કચેરી પાસે પણ દીશાસૂચક બોર્ડ તૂટીને નીચે પડી ગયું છે. સ્વામી વિવેકાનંદ માર્ગ દર્શાવતા બોર્ડમાં પણ ગાબડું જોવા મળે છે. સાઈન બોર્ડમાં જોડણીની ભૂલો પણ વિશેષ છે. નગરમાં આવતા મુલાકાતીઓને દીશા ચિંધતા બોર્ડ કંગાળ હાલતમાં છે જાળવણીના અભાવે દીશા સૂચક બોર્ડસ કંગાળ અને બિનઉપયોગી ભાસી રહ્યા છે.

# ગાંધીનગર શહેર-જિલ્લામાં સ્વચ્છતા અભિયાન ઘનિષ્ઠ બનાવવા તાકિદ

## જિલ્લા પ્રભારી સચિવના અધ્યક્ષસ્થાને યોજાયેલ આરોગ્ય વિષયક બેઠકમાં મહત્વના નિર્ણયો કરાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અભિયાનનો આરંભ દરેક વ્યક્તિ પોતાના ઘરથી શરૂ કરીને ગામ, શહેર સુધીને સ્વચ્છ રાખે તેવી સ્વચ્છતા અંગેની જાગૃતિ કેળવાય તેમજ સ્વચ્છતા અંગેનું યોગ્ય મોનીટરીંગ થાય તેવું આજરોજ જિલ્લાની આરોગ્ય સ્થિતિને લઈ યોજાયેલ સમીક્ષા બેઠકમાં જિલ્લા પ્રભારી સચિવ શ્રી એમ.એસ. ડાગુરે જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા પ્રભારી સચિવ શ્રી એમ. એસ. ડાગુરે વધુમાં જણાવ્યું હતું કે, વરસાદી ઋતુમાં ગાંધીનગર શહેરી વિસ્તાર સહિત અન્ય વિસ્તારોમાં પાણીજન્ય રોગચાળા અને વાહકજન્ય રોગચાળાઓ માથું ઉંચકવાની શક્યતાઓ રહેતી હોય છે. આવા રોગચાળાની માત્રા ઘટે તે માટે તેને શરૂઆતની સ્થિતિએ નાથી દેવા માટે ખાસ તકેદારી રાખવી પડશે. રોગચાળાની માત્રા ઘડાટવા કલોરિનેશન યોગ્ય રીતે અને નિયમિત થાય તે ખૂબ જ મહત્વનું છે. તેનું ચેકિંગ પણ કડક રીતે કરવા સંબંધિત અધિકારીશ્રીઓને ખાસ ભારપુર્વક જણાવ્યું હતું. સ્વચ્છતા અંગે નગરજનો સહિત ગ્રામ્યજનોમાં લોકજાગૃતિ લાવવી ખૂબ જ જરૂરી છે. જેથી સ્વચ્છતાનો આરંભ ઘરેથી લઈ શહેર સુધી આવે તેવો અભિગમ અપનાવવો પડશે.

વધુમાં તેઓશ્રીએ મેલેરિયા, કોલેરા, ડેન્ગ્યુ અને ચીકનગુનિયા જેવા વરસાદી ઋતુજન્ય રોગચાળા માથું ન ઉંચકે તે માટે ગ્રામ્ય અને શહેરી કક્ષામાં જયાં પાણી જમા થઈ રહેતા હોય તેવા સ્થળોએ દવા છંટકાવ, પોરાભક્ષક માછલીઓ અને અન્ય રોગપ્રતિકારક દવાઓનો યોગ્ય રીતે છંટકાવ થાય તેવું સુચારું આયોજન કરવા પણ સંબંધિત અધિકારીશ્રીઓને ભારપુર્વક જણાવ્યું હતું. તે ઉપરાંત કન્સ્ટ્રકશન સાઈટ પર પણ દવાઓનો યોગ્ય છંટકાવ કરવા અને ત્યાં કામ કરતા મજૂરોના સ્વાસ્થ્યની સમયાંતરે તપાસ કરવા પણ જણાવ્યું હતું.

દરેક શાળાઓમાં પીવાના પાણીની ટાંકીઓની આસપાસની જગ્યાની સ્વચ્છતા યોગ્ય રીતે થાય છે કે નહિ તેમજ બાળકોને સ્વચ્છ પીવાનું પાણી મળી રહે તે જોવા પણ ખાસ જણાવ્યું હતું. તેમજ આંગણવાડીઓ, પી. એચ. સી અને સી.એચ.સી જેવા કેન્દ્રોની સ્વચ્છતા યોગ્ય રીતે થાય તે જોવા પણ સંબંધિત અધિકારીશ્રીઓને જણાવ્યું હતું. તેમજ દરેક ગામો, શાળાઓ, આંગણવાડીઓમાં સ્વચ્છતા અંગેનું સાદું ચેક લિસ્ટ પત્રક તૈયાર કરવા જણાવ્યું હતું. આ પત્રક દર ગુરૂવારે તલાટી દ્વારા મોકલી આપવાનું સુચારું આયોજન કરવા જણાવ્યું હતું.

રાજયના પાટનગરને ગ્રીનની સાથે કિલન સીટી બનવવાની દિશામાં યોગ્ય કામગીરી કરવા જણાવ્યું હતું. લોકોમાં સ્વચ્છતા અંગેની લોકજાગૃતિ કેળવાય તેવા કાર્યક્રમો યોજવા પણ જણાવ્યું હતું. તેમજ તમાકુના સેવનને રોકવા માટે પણ વ્યસનમુક્તિ ઝુંબેશ શરૂ કરવા પણ જણાવ્યું હતું. તેમજ તમામ કામોમાં કચેરીઓ વચ્ચેનું આંતરખાતકીય સંકલન યોગ્ય રહે તે વાત પર પણ ખાસભાર મુક્યો હતો.

જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે આરોગ્યલક્ષી, સ્વચ્છતાની બાબતો અંગે વિશેષ તકેદારી રાખી કામગીરી કરવા જિલ્લાના અધિકારીઓને જણાવ્યું હતું.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક આજે મળી હતી જેમાં સમિતિની સત્તાઓ પુનઃ આપવાની માંગણી કરતો પ્રસ્તાવ પસાર કરાયો હતો.
- ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અભિયાનને વધુ સઘન બનાવવા પર આજે પ્રભારી સચિવ શ્રી ડાગુરે ભાર મુક્યો હતો.
- ગાંધીનગર કલેક્ટર ઓફિસમાં રિનોવેશનની કામગીરી આગામી દિવસોમાં હાથ ધરાશે.
- શસ્ત્રક્રિયા સંદર્ભે દાખલ થયેલા અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીની આજે વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા તેમજ ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલાએ મુલાકાત લઈ ખબર અંતરની પૃચ્છા કરી હતી.
- નવરાત્રીના આગમનને પગલે ગરબા ક્લાસ ગાંધીનગરમાં ધૂમ મચાવે છે. સાથે સાથે ડ્રેસના બુકીંગ પણ પૂરજોશમાં ચાલી રહ્યા છે...

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
R.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com